# એપલનો નવો 'આઈફોન ડ્યુઓ' ગ્રાહકોને પસંદ પડ્યો નહીં: ભારે ટીકાઓ

**યુઝર્સે** ગણાવ્યો 'અત્યાર સુધીનો સૌથી નકામો ફોન'!



ન્યૂયોર્ક, લંડન, તા. ૧૦: એપલે નવા એક્સાઈટિંગ 'આઈફોન ડ્યુઓ'ના લોન્ચિંગ સાથે ફોલ્ડેબલ ડિવાઈસિસની દુનિયામાં પદાર્પણ કર્યું છે. પરંતુ તેના આ નવા મોડેલની ટીકાઓ થઈ રહી છે અને કેટલાક યુઝરો તો તેને અત્યાર સુધીનો સૌથી નકામો ફોન ગણાવી રહ્યા છે.

એપલની લાંબા સમયથી ચાલી આવતી સ્માર્ટફોનની ડિઝાઇનથી તદ્દન અલગ જઈને, આઈફોન ડ્યુઓમાં 5.4 ઈંચની ગોળાકાર આઉટર ડિસ્પ્લે અને 7.6 ઈંચની ઈનર સ્ક્રીન આપવામાં આવી છે. જો કે, સોશિયલ મીડિયા પર ટેક કંપની એપલના કેટલાક ચાહકો આનાથી ખાસ પ્રભાવિત થયા નથી. સોશિયલ મીડિયા યુઝર્સે આ મોંઘા ફોનની ડિઝાઈનની ભારે ટીકા કરી છે અને આઈફોન ડ્યુઓને 'કદરૂપો' અને 'અજુગતો' ગણાવ્યો છે. X પરની એક પોસ્ટમાં, એક કોમેન્ટરે લખ્યું: 'શું આ ફક્ત મને જ લાગે છે કે આઈફોન ડ્યુઓ ખૂબ જ કદરૂપો દેખાય છે.' બીજા એક યુઝરે ઉમેર્યું: 'હું આઈફોન ડ્યુઓ ખરીદવા જ ઈચ્છતો હતો, પરંતુ આ ડિવાઈસ ખૂબ જ બેઢંગું છે.' જ્યારે એક કોમેન્ટરે ગુસ્સામાં લખ્યું: 'તમામ આદર સાથે, નવા આઈફોન ડ્યુઓની ડિસ્પ્લે એકદમ ખરાબ દેખાય છે.' આઈફોન ડ્યુઓ સેમસંગ ગેલેક્સી ઝેડ ફોલ્ડ8 જેવો જ ચોરસ અને પુસ્તક જેવો આકાર ધરાવે છે, જેનો અર્થ એ થાય કે ફોન ખોલતી વખતે તેની સ્ક્રીન ઊંચાઈ કરતાં વધુ પહોળી દેખાય છે.

# અબુ સાલેમની જેલમુક્તિની આશા પર સુપ્રીમનું પૂર્ણવિરામ

**1993ના** મુંબઈ બ્લાસ્ટના દોષિત સાલેમની આજીવન કેદની સજા ચાલુ જ રહે છે: સુપ્રીમ કોર્ટ

**પોર્ટુગલ** પ્રત્યાર્પણ શરતો હેઠળ વહેલી મુક્તિની અરજી સમય પહેલાંની અને ગેરસમજભરી ગણાવાઈ; બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો માન્ય

નવી દિલ્હી, તા. 10 (PTI): ગેંગસ્ટર અબુ સાલેમને એક મોટો આંચકો આપતાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે તેની કસ્ટડીમાંથી મુક્તિની માંગ કરતી અરજી ફગાવી દીધી છે. તેણે પોર્ટુગલથી પોતાના પ્રત્યાર્પણની શરતો હેઠળ ભારતમાં જેલમાં 25 વર્ષ પૂર્ણ કર્યા હોવાના આધારે આ મુક્તિ માંગી હતી.

1993ના મુંબઈ શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટના ગુનેગાર સાલેમને લાંબી કાનૂની લડાઈ બાદ 11 નવેમ્બર, 2005ના રોજ પોર્ટુગલથી પ્રત્યાર્પિત કરવામાં આવ્યો હતો. ભારત અને પોર્ટુગલ વચ્ચે સંમત થયેલી પ્રત્યાર્પણની શરતો અનુસાર, સાલેમને મૃત્યુદંડ આપી શકાય નહીં અને તેની જેલની મુદત 25 વર્ષથી વધુ થઈ શકે નહીં.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે બોમ્બે હાઈકોર્ટના તે આદેશને માન્ય રાખ્યો હતો, જેણે સાલેમની તાત્કાલિક મુક્તિની માંગ કરતી અરજીને સમય પહેલાની અને ગેરસમજભરી ગણાવીને ફગાવી દીધી હતી.

હાઈકોર્ટના 15 એપ્રિલના આદેશને પડકારતી સાલેમની અરજી પર સર્વોચ્ચ અદાલતે પોતાનો ચુકાદો આપ્યો હતો.

ખંડપીઠે જણાવ્યું હતું કે, સાલેમને સક્ષમ અદાલતો દ્વારા આપવામાં આવેલી અને સર્વોચ્ચ અદાલત દ્વારા માન્ય રાખવામાં આવેલી આજીવન કેદની સજા ચાલુ જ રહે છે.

ખંડપીઠે કહ્યું, ''તેને પચીસ વર્ષથી વધુ સમય માટે અટકાયતમાં રાખી શકાય નહીં તેવી શરત એ કેન્દ્ર સરકાર દ્વારા પોર્ટુગલ સરકારને આપવામાં આવેલા સાર્વભૌમ આશ્વાસનનું પરિણામ છે. તે આજીવન કેદની સજાને પચીસ વર્ષની નિશ્ચિત મુદતની સજામાં રૂપાંતરિત કરતી નથી.''

તેણે સર્વોચ્ચ અદાલતના 11 જુલાઈ, 2022ના ચુકાદાનો સંદર્ભ આપ્યો હતો, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે તેની સજાની ગણતરી માટે તેની અટકાયતનો સમયગાળો 12 ઓક્ટોબર, 2005થી શરૂ થશે.

બેંચે નોંધ્યું હતું કે, તેના જુલાઈ 2022ના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે તેની આજીવન કેદની સજાને 25 વર્ષની સજામાં ફેરવી ન હતી.

# અમેરિકાના DHSની જાહેરાતમાં મિ. સિંહને દેશ છોડી જવા કહેવાયું!

**દેશ** છોડી જાઓ અથવા શિક્ષાનો સામનો કરવા તૈયાર રહો: રફ ડ્રાઇવરો સામેના અભિયાનની જાહેરાતમાં કહેવામાં આવ્યું

**આ** બાબતની હિન્દુ અને શીખ જૂથોએ સખત ટીકા કરી

વોશિંગ્ટન, તા. ૧૦(પીટીઆઈ): ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી(DHS) દ્વારા "મિસ્ટર સિંહ" ને સ્વયં-દેશ છોડી જવા માટે કહેતી એક જાહેરાત પોસ્ટ કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. ભારતીય હિમાયતી સંગઠનોએ આ જાહેરાતને વંશવાદી અને અમેરિકા-વિરોધી ગણાવી છે.

અનધિકૃત કોમર્શિયલ ડ્રાઈવરો સામેના તેના અભિયાનને આગળ વધારવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી(DHS) એ X પર AI-જનરેટેડ છબીઓનો ઉપયોગ કર્યો હતો, જેમાં દાઢીવાળા એક બ્રાઉન વ્યક્તિને ટેગલાઈન સાથે દર્શાવવામાં આવ્યો હતો: અમારા રસ્તાઓ પરથી હટી જાઓ, તમને ગાડી ચલાવતા નથી આવડતી મિસ્ટર સિંહ. X પર સંબંધિત પોસ્ટમાં એક ટૂંકી વીડિયો ક્લિપમાં ટ્રાન્સફોર્મર્સ ફ્રેન્ચાઈઝીનો મુખ્ય વિલન પાત્ર મેગાટ્રોન "એલિયન્સ" - જે અમેરિકી પ્રશાસન દ્વારા વિદેશી નાગરિકોનું વર્ણન કરવા માટે વપરાતો શબ્દ છે - તેની મુક્તિ માટે વાટાઘાટો કરતો જોવા મળે છે. જાહેરાતમાં "મિસ્ટર સિંહ" ના સંદર્ભની હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન અને શીખ કોએલિશન સહિતના હિમાયત જૂથો દ્વારા સખત ટીકા કરવામાં આવી હતી. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન (HAF) એ X પર એક પોસ્ટમાં કહ્યું: "સિંહ હિન્દુ છે, તેઓ શીખ છે, તેઓ અમેરિકન છે અને તેઓ વાહન ચલાવે છે. @DHSgov દ્વારા કરવામાં આવેલું આ વંશીય, અપ્રાકૃતિક, ભારત-વિરોધી પ્રોફાઈલિંગ/ટ્રોલિંગ આપણા રાષ્ટ્રના સામુહિક વિવેકને આંચકો આપનારું હોવું જોઈએ. શીખ કોએલિશને X પર એક પોસ્ટમાં કહ્યું: "9/11 ના ૨૫ વર્ષ પછી પણ, શીખોને તેઓ કેવા દેખાય છે તેના આધારે લક્ષ્ય બનાવવામાં આવે છે અને તેમની પ્રોફાઈલિંગ કરવામાં આવે છે."



# બિહારના વૈશાલીમાં પુલ નિર્માણ દરમિયાન બીમ લૉન્ચર તૂટી પડતાં 7 શ્રમિકો ઘાયલ

**પુલ** બનાવતી એજન્સીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવશે: જિલ્લા મેજિસ્ટ્રેટ

પટના, તા. 10 (PTI) બિહારના વૈશાલી જિલ્લામાં ગુરુવારે એક પુલના નિર્માણ દરમિયાન બીમ લૉન્ચર તૂટી પડતાં સાત શ્રમિકો ઈજાગ્રસ્ત થયા છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, આ પુલ એનએચ-139ડબ્લ્યુના બાકરપુર-માણિકપુર સેક્શનના ભાગરૂપે લાલગંજ બ્લોકમાં ગંડક નદી પર બનાવવામાં આવી રહ્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ વર્ષા સિંહે જણાવ્યું હતું કે, ''સાત લોકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. પીડિતોને સામાન્ય ઈજાઓ થઈ છે અને તેઓ ખતરાની બહાર છે.'' સિંહે કહ્યું, ''સવારે 10 વાગ્યાની આસપાસ બીમ લૉન્ચરને એક સ્પેનથી બીજા સ્પેન પર ખસેડતી વખતે તે પલટી ગયું હતું.'' સિંહે જણાવ્યું હતું કે, ''જિલ્લા વહીવટીતંત્રે આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. પ્રાથમિક તપાસ દર્શાવે છે કે આ ઘટના સાધનોની યાંત્રિક ખામીના કારણે બની હતી. યોગ્ય માધ્યમ દ્વારા પુલ બનાવતી એજન્સીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવશે.'' તેમણે હોસ્પિટલની મુલાકાત પણ લીધી હતી અને સારવાર હેઠળ રહેલા ઈજાગ્રસ્તોને મળ્યા હતા.

એક નિવેદનમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)એ જણાવ્યું હતું કે, આ ઘટનામાં પુલના માળખાને કોઈ નુકસાન થયું નથી.




# 6 ફૂટ 3 ઈંચનો 'હ્યુગો' વિશ્વનો સૌથી ઊંચો ઘોડો

**બ્રિટનની** અનોખી અશ્વપ્રીતિ: 2027ના ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં બે અનોખા રેકોર્ડ; મિરાન્ડા વોર્બી પાસે રમકડાના ઘોડાનો 4,550 વસ્તુઓનો સૌથી મોટો સંગ્રહ

લંડન, તા. ૧૦: બ્રિટન ઘોડાપ્રેમીઓનો દેશ છે તેના પુરાવાની જરૂર હોય, તો તે હવે મળી ગયો છે. 2027ના 'ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ'માં બ્રિટનના બે અનોખા અશ્વો સંબંધિત પ્રથમ રેકોર્ડ સામેલ છે.

હ્યુગો વિશ્વના સૌથી ઊંચા ઘોડા તરીકે યાદીમાં મુખિયા આકર્ષણનું કેન્દ્ર બન્યો છે, જેની ઊંચાઈ 6 ફૂટ 3 ઈંચ છે. નોર્થમ્પ્ટનશાયરના ટોસેસ્ટરનો આ ચાર વર્ષનો 'શાયર' જાતિનો ઘોડો તેના સંભાળ રાખનાર 45 વર્ષીય બ્રેટ માસ્ટર્સ અને 34 વર્ષીય લિસા માસ્ટર્સ દ્વારા "ખૂબ જ નમ્ર" અને "વિશાળ કદના કૂતરા જેવો" ગણાવવામાં આવે છે. તેના માતા-પિતા બંને સામાન્ય ઊંચાઈના હતા, જે તેની ઝડપી વૃદ્ધિને વધુ આશ્ચર્યજનક બનાવે છે. તેની ઊંચાઈ યોગ્ય રીતે નોંધવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે પશુચિકિત્સક દ્વારા હ્યુગોની નાળ કાઢીને તેનું માપ લેવામાં આવ્યું હતું.

હ્યુગોની સાથે 43 વર્ષીય મિરાન્ડા વોર્બી પણ જોડાણ છે, જેઓ વિશ્વમાં નાના રમકડાના ઘોડા અને તેમને લગતી વસ્તુઓનો સૌથી મોટો સંગ્રહ ધરાવે છે. અત્યાર સુધીમાં 4,550 વસ્તુઓ ધરાવતો મિરાન્ડાનો આ સંગ્રહ તેમના પ્રારંભિક બાળપણથી શરૂ થયો હતો. જ્યારે મિરાન્ડા ત્રણ વર્ષના હતા ત્યારે તેમણે પોતાનો આ શોખ શરૂ કર્યો હતો. તેમણે 2018માં પોતાનું ઘર પણ બદલી નાખ્યું, કારણ કે તેમનો સંગ્રહ એટલો વધી ગયો હતો કે તેને પ્રદર્શિત કરવા માટે વધુ જગ્યાની જરૂર હતી.

## પેજ 3

### અભિનેતા શરત સક્સેનાની કરોડરજ્જુની સર્જરી થશે



મુંબઈ, તા. 10 : દિગ્ગજ અભિનેતા શરત સક્સેનાની મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં લમ્બર સ્પાઇન (કરોડરજ્જુના નીચેના ભાગ)ની ગંભીર સર્જરી થવાની છે. અભિનેતાએ બુધવારે બોમ્બે હોસ્પિટલમાંથી તેમની હેલ્થ અપડેટ શેર કરી હતી. શરતે હોસ્પિટલમાં સ્ટેન્ડિંગ એમઆરઆઈ કરાવ્યો હતો. તેમણે એમઆરઆઈ મશીન સામેની ચાર તસવીરો ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી. જેમાં તેઓ મશીન સામે સીધા ઊભા રહીને બાંધેલા જોવા મળ્યા. સર્જરી પહેલાંની આ પ્રક્રિયા છતાં શરત કેમેરા સામે સકારાત્મક જોવા મળ્યા હતા. શરતે પોસ્ટ સાથે લખ્યું, ''બોમ્બે હોસ્પિટલમાં લમ્બર સ્પાઇન સર્જરી પહેલાં સ્ટેન્ડિંગ એમઆરઆઈ.''

પ્રશંસકોએ શરતની તંદુરસ્તીને લઈને ચિંતા વ્યક્ત કરી છે અને તેઓ ઝડપથી સાજા થઈ જાય તેવી કામના કરી હતી. તો બીજી તરફ, અભિનેતાની હેલ્થને લઈને ઘણા સેલેબ્સે પણ તેમના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરી હતી.

### 62મા મહારાષ્ટ્ર સ્ટેટ ફિલ્મ એવોર્ડ્સ: સલીમ ખાન અને હૃદયનાથ મંગેશકરને લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ

**રાણી** મુખર્જી અને પ્રસાદ ઓકને સ્પેશિયલ કન્ટ્રિબ્યુશન એવોર્ડ



મુંબઈ, તા. ૧૦ : ૬૨મા મહારાષ્ટ્ર રાજ્ય ફિલ્મ અવોર્ડ્સમાં ૨૦૨૪ની શ્રેષ્ઠ મરાઠી સિનેમાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિવિધ શ્રેણીઓ હેઠળ ફિલ્મો, કલાકારો, નિર્દેશકો, ગાયકો, લેખકો અને ટેક્નિશિયનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અવોર્ડ્સ ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મુંબઈના પ્રભાદેવી સ્થિત રવીન્દ્ર નાટ્ય મંદિર ખાતે પ્રદાન કરવામાં આવ્યા હતા. સલીમ ખાનને રાજ કપૂર લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડથી નવાજવામાં આવ્યા હતા, જ્યારે રાણી મુખર્જીને રાજ કપૂર સ્પેશિયલ કન્ટ્રિબ્યુશન અવોર્ડ મળ્યો હતો. સંગીતકાર હૃદયનાથ મંગેશકરને વી. શાંતારામ લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ મળ્યો હતો, જ્યારે પ્રસાદ ઓકને વી. શાંતારામ સ્પેશિયલ કન્ટ્રિબ્યુશન અવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### બિપાશા બાસુને પ્રોટીન પાઉડરમાંથી કીડા મળ્યા!



મુંબઈ, તા. 10: અભિનેત્રી બિપાશા બાસુએ નવા ખોલેલા જારમાં નાના કીડા મળ્યા હોવાનો દાવો કરીને પ્રોટીન પાઉડરની ગુણવત્તા સામે સવાલો ઉઠાવ્યા છે. ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર એક વીડિયો શેર કરીને બિપાશાએ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તુકારામ મુંઢેને ટેગ કર્યા અને તેમના હસ્તક્ષેપની માંગ કરી હતી. મુંઢેને ટેગ કરતાં બિપાશાએ લખ્યું, ''તુકારામ (આઈએએસ), તમે જ અમારી એકમાત્ર આશા છો. જેથી અમે જે પણ ખરીદીએ તેમાં અમને બગડેલી કે ભેળસેળવાળી વસ્તુઓ ન મળે.'' વીડિયોમાં બિપાશા તેની આંગળી પર એક નાનો કીડો બતાવતી જોવા મળી હતી. બિપાશાએ કહ્યું, ''આ આઇસોપ્યોર (પ્રોટીન પાઉડર બ્રાન્ડ) નાના કીડાઓથી ભરેલો છે. નાના, ખૂબ નાના કીડા. નવો ડબ્બો જે અમે ખોલ્યો. (પોતાની આંગળી પર નાનો કીડો બતાવતાં) આ કીડા છે, આખો ડબ્બો તેનાથી ભરેલો છે.''


### 'કાલા હિરણ' હજી રિલીઝ માટે તૈયાર નથી: નિર્માતાઓ



નવી દિલ્હી, તા. 10: ફિલ્મ 'કાલા હિરણ: ધ બેટલ ફોર લીગલ'ને લઈને સલમાન ખાન અને મેકર્સ વચ્ચે ચાલી રહેલી કાનૂની લડાઈમાં ગુરુવારે દિલ્હી હાઈકોર્ટમાં મહત્ત્વની સુનાવણી થઈ હતી. મેકર્સે કોર્ટમાં કહ્યું હતું કે, ફિલ્મ હજી રિલીઝ માટે તૈયાર નથી અને તેને સેન્સર બોર્ડ તરફથી સર્ટિફિકેટ પણ મળ્યું નથી. સલમાન ખાને ફિલ્મની રિલીઝ પર રોક લગાવવાની માંગ કરતા આરોપ લગાવ્યો છે કે, ફિલ્મમાં તેમના નામ, ઓળખ અને તેમની સાથે જોડાયેલી ખાસ વસ્તુઓનો પરવાનગી વગર ઉપયોગ કરીને તેમની છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જસ્ટિસ જ્યોતિ સિંહની અદાલતમાં આ મામલાની સુનાવણી થઈ હતી. સલમાન ખાન તરફથી ફિલ્મની રિલીઝ પર રોક લગાવવાની માંગ પર કોર્ટે ફિલ્મના નિર્માતાને બે અઠવાડિયાંની અંદર પોતાનો જવાબ દાખલ કરવા કહ્યું છે. હવે આ મામલાની આગામી સુનાવણી 30 સપ્ટેમ્બરે થશે.

# ચીનમાં માલવાહક જહાજમાં આગ લાગતાં 25નાં મોત

**જહાજ** પર કુલ 42 લોકો સવાર હતા, 5 ઘાયલ




બીજિંગ, તા. 10 (PTI):પૂર્વ ચીનના બંદર શહેર કિંગડાઓમાં રિપેરિંગ માટે લાવવામાં આવેલા વિદેશી ધ્વજ ધરાવતા માલવાહક જહાજમાં આગ લાગતાં 25 લોકોનાં મોત થયાં છે અને અન્ય પાંચ ઘાયલ થયા છે. એમ સરકારી મીડિયાએ ગુરુવારે જણાવ્યું હતું.

મ્યુનિસિપલ ફાયર એન્ડ રેસ્ક્યૂ બ્યુરોના જણાવ્યા અનુસાર, ચીન સ્ટેટ શિપબિલ્ડિંગ કોર્પોરેશન કિંગડાઓ બેઈહાઈ શિપબિલ્ડિંગ કો., લિમિટેડ ખાતે જહાજનું મેઈન્ટેનન્સ ચાલી રહ્યું હતું ત્યારે સવારે 11:15 વાગ્યાની આસપાસ આગ લાગી હતી.

સરકારી ન્યૂઝ એજન્સી શિનહુઆએ અહેવાલ આપ્યો છે કે, જહાજ પર કુલ 42 લોકો સવાર હતા.

બચાવકર્તાઓએ શરૂઆતમાં ગુમ થયેલા તમામ 25 વ્યક્તિઓને શોધી કાઢ્યા છે, પરંતુ તેમાંથી કોઈ પણ જીવિત ન હતા.

સ્થાનિક સત્તાવાળાઓએ જણાવ્યું કે, આગની ચપેટમાં આવેલા વિદેશી માલવાહક જહાજમાં મૃત્યુઆંક વધીને 25 થયો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, 12 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે પાંચ ઘાયલ વ્યક્તિઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત સ્થિર છે.

ઘટના બાદ તરત જ શોધ અને બચાવ કામગીરી હાથ ધરવા માટે ઈમરજન્સી મેનેજમેન્ટ, ફાયર એન્ડ રેસ્ક્યૂ, પોલીસ અને મેડિકલ વિભાગોને તાત્કાલિક ધોરણે તૈનાત કરવામાં આવ્યા હતા.

સીસીટીવી અનુસાર, રાષ્ટ્રપતિ શી જિનપિંગે અગાઉ સત્તાવાળાઓને શોધ અને બચાવ પ્રયાસો ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો, જે દેશના ટોચના નેતૃત્વ તરફથી આવી સૂચના મળવાનો એક દુર્લભ કિસ્સો છે.

શિનહુઆના અહેવાલ મુજબ, શી જિનપિંગે અસરગ્રસ્તોને સહાય પૂરી પાડવાનું આહ્વાન કર્યું હતું અને અકસ્માતનું કારણ તાત્કાલિક નક્કી કરવા તથા જવાબદારોને જવાબદાર ઠેરવવા માટેના પ્રયાસોની માંગ કરી હતી.

શી જિનપિંગે સ્થાનિક સરકારો અને સંબંધિત વિભાગોને આ અકસ્માતમાંથી પાઠ શીખવા, અગ્નિના જોખમોને સંપૂર્ણ રીતે ઓળખવા અને તેનો ઉકેલ લાવવા, નિવારક પગલાંનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા, મોટી દુર્ઘટનાઓને દ્રઢતાપૂર્વક રોકવા અને લોકોના જીવન અને સંપત્તિનું રક્ષણ કરવા માટે પણ જરૂરિયાત દર્શાવી હતી.

**આ વર્ષે ભારત અને જર્મની તેમના રાજદ્વારી સંબંધોનાં 75 વર્ષની ઉજવણી કરી રહ્યા છે**

# મોદીએ જર્મન ચાન્સેલર સાથે વાત કરી

નવી દિલ્હી, તા. 10 (PTI) જર્મની એ યુરોપ સાથે ભારતના સંબંધનો એક મહત્ત્વપૂર્ણ સ્તંભ છે અને વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે એક મૂલ્યવાન ભાગીદાર છે. એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જર્મન ચાન્સેલર ફ્રિડરિક મેર્ઝે તેમને ફોન કર્યા પછી અને તેઓએ ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિની સમીક્ષા કર્યા બાદ જણાવ્યું હતું.

આ વર્ષે રાજદ્વારી સંબંધોનાં 75 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે બંને નેતાઓએ ઉચ્ચ સ્તરીય આદાન-પ્રદાનમાં સતત વેગ નોંધ્યો હતો અને વેપાર અને રોકાણ, અદ્યતન ટેક્નોલોજી, સ્વચ્છ ઊર્જા, સંરક્ષણ, શિક્ષણ અને પ્રતિભા ગતિશીલતા સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવાની તેમની ક્ષમતા અને પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

વડા પ્રધાન કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, ''વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આજે ફેડરલ રિપબ્લિક ઓફ જર્મનીના ચાન્સેલર એચ.ઈ. ફ્રિડરિક મેર્ઝનો ટેલિફોન કોલ આવ્યો હતો. આ વર્ષે ભારત અને જર્મની તેમના રાજદ્વારી સંબંધોનાં 75 વર્ષની ઉજવણી કરી રહ્યા છે ત્યારે વડા પ્રધાન અને ચાન્સેલર મેર્ઝે ભારત-જર્મની સ્ટ્રેટેજિક પાર્ટનરશિપની પ્રગતિની સમીક્ષા કરી હતી.''

બન્ને નેતાઓએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું અને વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે નજીકથી કામ કરવાનું ચાલુ રાખવા સંમત થયા હતા. અગાઉ મોદીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ભારત અને જર્મની બંને દેશોના લોકોના લાભ માટે ભવિષ્યલક્ષી વ્યૂહાત્મક ભાગીદારીને ઊંડી બનાવવાનું ચાલુ રાખશે.

# ફિલિપાઈન્સમાં પેસેન્જર ફેરીમાં આગ લાગતાં 5નાં મોત

મનિલા, તા. 10 (એપી) પશ્ચિમી ફિલિપાઈન્સના દરિયાઈ વિસ્તારમાં એક પેસેન્જર ફેરીમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયા છે અને ડઝનબંધ લોકો ગુમ થયા છે. એમ કોસ્ટ ગાર્ડે ગુરુવારે જણાવ્યું હતું. કોસ્ટ ગાર્ડના પ્રવક્તા કોમોડોર નોએમી કાયાબ્યાબે એક રેડિયો ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં 42 લોકોને બચાવી લેવાયા છે અને રાહત પ્રયાસો ચાલુ છે, તેથી ગુમ થયેલા 87 લોકોની સંખ્યામાં ફેરફાર થઈ શકે છે.

એમવી જૂન એસ્ટર નામની ફેરી મનિલાથી રવાના થઈ હતી અને બુધવારે જ્યારે આગ લાગી ત્યારે તે પલાવાન પ્રાંતના કોરોન નજીક હતી.

કાયાબ્યાબે જણાવ્યું હતું કે, બોટમાં 134 લોકો સવાર હતા, જેમાં 117 મુસાફરો અને 17 ક્રૂ મેમ્બર્સ હતા.

ઘટનાસ્થળની તસવીરોમાં બેકગ્રાઉન્ડમાં ફેરી બળી રહી હતી ત્યારે કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ બચી ગયેલા લોકોને લાઈફ જેકેટ ફેંકતા જોવા મળ્યા હતા. નાની હોડીઓ પણ બચી ગયેલા લોકોને છીછરા પાણી તરફ લઈ ગઈ હતી.

ફિલિપાઈન્સના દ્વીપસમૂહમાં ફેરી એ પરિવહનનું એક સામાન્ય સાધન છે. વાવાઝોડા, ખરાબ રીતે જાળવવામાં આવેલા જહાજો, ઓવરક્રોડિંગ અને ખાસ કરીને દૂરના પ્રાંતોમાં સુરક્ષા નિયમોના નબળા અમલીકરણને કારણે દરિયાઈ અકસ્માતો અસામાન્ય નથી.